Sl.No. :

नामांक Roll No.

No. of Questions – 20

No. of Printed Pages – 07

**SS–24–Gujarati Sah.**

# उच्च माध्यमिक परीक्षा, 2025

# SENIOR SECONDARY EXAMINATION, 2025

## गुजराती साहित्य

**समय** : 3 **घण्टे** 15 **मिनट**

**पूर्णांक** : 80

પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

3) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

4) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

Tear Here

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

यहाँ से काटिए

## વિભાગ-અ (A)

**1)** નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખોઃ (પ્રત્યેકનો 1 ગુણ) **[18]**

(1) 'મન નો ડગે' કવિતામાં કોના લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે. **[1]**

(અ) સાચા હરિજનના (બ) ગંગાસતીના

(ક) પાનબાઈના (ડ) ગુરુજીના

(2) 'દ્રવ' કવિતામાં દ્રવનો શો અર્થ લેવામાં આવ્યો છે? **[1]**

(અ) દરિદ્રતા (બ) ધન

(ક) દેવું (ડ) દાનવીર

(3) ચોતરે બેસી ઈલા સાથે કોણ વાતો કરતું હતું? **[1]**

(અ) પિતાજી (બ) માતાજી

(ક) ગુરુજી (ડ) દાદાજી

(4) ચાલ, ફરીએ કવિતામાં કવિ જિંદગીને કેવી રીતે માણી લેવાની વાત કરે છે? **[1]**

(અ) આનંદથી (બ) દુ:ખથી

(ક) વિરહથી (ડ) રડતાં-રડતાં

(5) 'મળે ન મળે' કાવ્યમાં કવિનો શેના પ્રત્યેનો પ્રેમ દર્શાવવામાં આવેલો છે? **[1]**

(અ) બાળકો પ્રત્યેનો (બ) માતા-પિતા પ્રત્યેનો

(ક) વતન પ્રત્યેનો (ડ) ગુરુ પ્રત્યેનો

(6) કવિએ તડકાને કોનો સહારો ગણાવ્યો છે? **[1]**

(અ) ગરીબોનો (બ) અમીરોનો

(ક) દાનવીરોનો (ડ) આપણો

(7) 'ચહેરો' પાઠના લેખકનું શું નામ છે? **[1]**

(અ) તોલ્સ્તોય (બ) ગંગાસતી

(ક) જ્યોતીન્દ્ર દવે (ડ) ડૉ. સુધીર મોદી

(8) પત્રલેખકે પત્ર કોને સંબોધીને લખ્યો છે? **[1]**

(અ) પુત્રને (બ) જગતને

(ક) પિતાને (ડ) પોતાની જાતને

(9) કંસારીના મિત્રોમાં નીચેનામાંથી કોણ ન હતું? **[1]**

(અ) બિલાડી (બ) પોપટ

(ક) કરોળિયો (ડ) સાપ

(10) રેવતીના નાના બાળકને શું થયું હતું? [1]

(અ) તાવ આવ્યો હતો (બ) પેટ દુખતું હતું

(ક) માથું દુખતું હતું (ડ) ભૂખ લાગી હતી

(11) લેખકે બિલાડીનું નામ શું રાખ્યું હતું? [1]

(અ) મીનુ (બ) કીટો

(ક) તેજલી (ડ) રેવતી

(12) અનન્યાને મોબાઈલ લેવાની ના કોણ પાડતું હતું? [1]

(અ) તેના પપ્પા (બ) ભગવાન

(ક) તેની મમ્મી (ડ) શુચિ

(13) નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો. [1]

(અ) ઝુંપડિ (બ) દિકરિ

(ક) પલાસ્ટિક (ડ) પ્રતિષ્ઠા

(14) 'ખેડૂત' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે? [1]

(અ) મજૂર (બ) ખેતર

(ક) ખેતી (ડ) કિસાન

(15) 'સંધ્યાકાળ' શબ્દનો વિરોધી શબ્દ કયો થાય? [1]

(અ) પ્રાતઃકાળ (બ) સાંજનો સમય

(ક) રાતનો સમય (ડ) રાત્રિકાળ

(16) કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી. વાક્યમાં વિશેષણ શબ્દ કયો છે? [1]

(અ) કંસારી (બ) શક્તિશાળી

(ક) રાજા (ડ) દીકરી

(17) 'તમે બહાદૂર છો.' વાક્યનું નિષેધ વાક્ય કયું છે? [1]

(અ) તમે કાયર છો. (બ) તમે કાયર નથી.

(ક) તમે શક્તિશાળી છો. (ડ) તમે હોશિયાર નથી.

(18) 'પૃથ્વી' છંદમાં કેટલા અક્ષરો હોય છે? [1]

(અ) 12 અક્ષર (બ) 14 અક્ષર

(ક) 17 અક્ષર (ડ) 18 અક્ષર

**2)** નીચે આપેલ ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ) **[6]**

(1) કવિએ તૃષ્ણાને______સાથે સરખાવી છે. **[1]**

(2) તેજલીના દાદાનું ______હતું. **[1]**

(3) પેટે______મહાભૂત તત્વોને આશ્રય આપ્યો છે. **[1]**

(4) પાણીની અછતના કારણે ગામ______જેવા થઈ ગયા હતાં. **[1]**

(5) સંજ્ઞા અને સર્વનામ શબ્દોની વિશેષતા બતાવતા શબ્દોને______કહેવામાં આવે છે. **[1]**

(6) 'કીર્તિ' નો વિરોધી શબ્દ______થાય. **[1]**

**3)** (A) નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. **[5+5+2=12]**

ભારતનું શાસન ધર્મનિરપેક્ષ છે. તેનો અર્થ ધર્મ પરત્વે એ ઉદાસીન છે તેવો નથી. એટલે જ ભારતીય બંધારણે પોતાના પ્રતિજ્ઞારૂપ આમુખમાં પ્રત્યેક નાગરિકને ઉપાસનાનું સ્વાતંત્ર્ય બક્ષ્યું છે. આ ધર્મનિરપેક્ષતાની આધારશિલા તો ધર્મસહિષ્ણુતા જ છે. સમર્થ ચિંતક સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ 'સર્વધર્મસમભાવ' એ સબ્દ પ્રયોગ વહેતો કર્યો હતો. એમાં સહિષ્ણુતા અંતર્ગત હતી, પણ કાકાસાહેબ કાલેલકરે સહિષ્ણુતાનું સક્રિય સ્વરૂપ પ્રગટાવવા 'સર્વધર્મસમભાવ' એ શબ્દ યોજ્યો. જેનામાં સાચી ધર્મ શ્રદ્ધા છે તે બધા ધર્મોને પોતાના ગણીને ચાલે. ધર્મને નામે એ કદી ઝઘડો ન કરે.

પ્રશ્નો:-

(1) ભારતનું શાસન કેવા પ્રકારનું છે? **[1]**

(2) બંધારણના આમુખમાં ભારતના નાગરિકોને શું બક્ષવામાં આવ્યું છે? **[1]**

(3) ધર્મસહિષ્ણુનું શું મહત્વ છે? **[1]**

(4) સાચા ધર્મશ્રદ્ધાળુંનું વર્તન કેવુ હોય છે? **[1]**

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[1]**

(B) નીચેનો પઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

પેટ એ સર્વ મનુષ્યનો સાધારણ ભાજક છે. એ મોટા અને નાનાને એક પદવીએ આણે છે. ચોર જ્યારે કોર્ટમાં બચાવ કરતાં કહે છે કે, 'સાહેબ, પેટ ખાતર આવું કરવું પડ્યું!' ત્યારે ન્યાયાધીશ ભલે એ કહેતો ન હોય પણ સમજતો તો હશે જ કે, એને પણ પેટ ખાતર જ સજાક્વચિત્ પોતાના કરતાં અનેકધા ઉત્તમ એવા મનુષ્યને પણ સજા કરવી પડે છે. આમ, ચોર અને ન્યાયાધીશ, શેઠ અને નોકર, સ્ત્રી અને પુરૂષ બધા વચ્ચે પેટ સામાન્ય છે. અને એ સામાન્ય વસ્તુથી પ્રેરાઈ મનુષ્યો અને પ્રાણીઓ અસામાન્ય કાર્ય કરી રહ્યાં છે.

પ્રશ્નો:-

(6) સર્વ મનુષ્યોનો સાધારણ ભાજક હોય તેવું શરીરનું કયુ અંગ છે? **[1]**

(7) ચોર કોર્ટમાં બચાવ કરતા શું કહે છે? **[1]**

(8) પેટ કોની કોની વચ્ચે સામાન્ય છે? **[1]**

(9) પેટ જેવી સામાન્ય વસ્તુથી પ્રેરાઈ લોકો કેવું કાર્ય કરે છે? **[1]**

(10) 'મનુષ્ય' શબ્દનો પર્યાયવાચી શબ્દ લખો. **[1]**

(C) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.

(11) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખો.

(i) વધામણી આપવી - [½]

(ii) કાગ ડોળે રાહ જોવી - [½]

(12) નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.

(i) ઈશ્વરની ભક્તિરૂપે ગવાતા ગીતો - [½]

(ii) એક જ વર્ગમાં સાથે ભણનાર - [½]

## વિભાગ-બ (B)

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.

**4)** 'મન નો ડગે' કાવ્યને આધારે સાચા હરિજનનાં લક્ષણ વર્ણવો. **[2]**

**5)** કવિ અને ઈલા એક સમયે કયાં રમતાં હતાં? **[2]**

**6)** કવિ રસ્તે મળતી વ્યક્તિને શું શું આપવા ઈચ્છે છે? **[2]**

**7)** સાજા નરવા નવજવાને જનરલને શી વિનંતી કરી? **[2]**

**8)** પત્ર લેખકના મતે આ જગતના લોકો કેવા છે? **[2]**

**9)** વર્ષાના પિતા શર્માજીની ખાંસી શા કારણે વધી ગઈ હતી? **[2]**

**10)** હરિણી છંદનું બંધારણ ઉદાહરણ આપી સમજાવો. **[2]**

**11)** ઉપમા અથવા વ્યતિરેક અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ લખો. **[2]**

**12)** નીચેની કર્તરિ વાક્યરચનાને કર્મણિ વાક્યરચનામાં ફેરવો. **[2]**

(i) એણે પત્ર લખ્યો. **[1]**

(ii) મેં નિર્ણય લઈ લીધો. **[1]**

**13)** નીચેના વાક્યોનો હિન્દી ભાષામાં અનુવાદ કરો. **[2]**

(i) આજે હોળીનો તહેવાર છે. **[1]**

(ii) આ ભોજન ખાવા યોગ્ય નથી. **[1]**

## વિભાગ-સ (C)

નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

**14)** 'ના હઠવું' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો. **[3]**

અથવા

'દ્રવ દેખીને' માણસ ચલે, દ્રવ દેખી સહુ લોભે ભલે,' કાવ્ય પંક્તિ સમજાવો.

**15)** તડકાની સર્વવ્યાપકતા વિશે લખો. **[3]**

અથવા

તેજલી ખેતીકામની પૂરી જાણકાર છે એવું શા ઉપરથી કહી શકાય?

**16)** ધવલ અને શરદ વહેલા શા કારણે નીકળી ગયા? **[3]**

અથવા

જેસલમેરનું પ્રાચીન ઐતિહાસિક મહત્વ જણાવો.

**17)** પાણીની અછતને કારણે ગામની સ્થિતિ કેવી જણાઈ? **[3]**

અથવા

કંસારીને પાઠ ભણાવવા માટે ઈન્દ્રએ કરેલી વિવિધ યુક્તિઓ જણાવો.

## વિભાગ-દ (D)

**18)** નીચે આપેલ કાવ્યપંક્તિનો વિચાર-વિસ્તાર કરો. **[3]**

''સત્ય એ જ પરમેશ્વર છે.''

અથવા

''સુખ સમયમાં છકી નવ જવું દુ:ખમાં ન હિમંત હારવી.''

**19)** નીચે આપેલા મુદ્દાઓના આધારે વાર્તા લખો. **[4]**

એક સિંહ - વૃક્ષ નીચે આરામ - સિંહના શરીર પર ઉંદરનું દોડવું - ઉંદરનું પકડાઈ જવું - ઉંદરની સિંહને વિનંતી અને મદદ કરવાનું વચન - સિંહે ઉંદરને છોડી મૂકવો - એક વાર સિંહનું જાળમાં ફસાવું - ઉંદરે જાળ કાપી નાખી સિંહને મુક્ત કરવો - બોધ.

અથવા

એક ભૂખ્યું શિયાળ - ખોરાકની શોધમાં - એક ઝાડ પાસે આવવું - ઝાડ પર કાગડો - કાગડાની ચાંચમાં પૂરી - શિયાળનું લલચાવું - યુક્તિ - કાગડાનાં વખાણ - ગીત સંભળાવવા વિનંતી - વખાણથી કાગડાનું ફૂલાઈ જવું - ગીત ગાવા જતાં પુરી પડી જવી - બોધ.

**20)** નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. **[5]**

(i) ''આદર્શ વિદ્યાર્થી''

(ii) ''મા તે મા, બીજા બધા વગડાના વા''

(iii) પાણી બચાવો, પ્રાણી બચાવો.

(iv) જીવનમાં રમત-ગમતનું મહત્વ

DO NOT WRITE ANYTHING HERE